# શહેરમાં વૃક્ષોને પાણી ન મળતાં વૃક્ષો મુરઝાયા

## હાર્દ સમા વિસ્તારમાં શોભાયમાન વૃક્ષોની હાલત કફોડી બની

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં ઉનાળાની આ મોસમમાં અગનવર્ષા વર્ષી રહી છે. અંગ દઝાડતી આ ઉનાળાની ઋતુએ શહેરીજનોની સાથે સાથે શહેરની હરિયાળીને ગરમીના તાપમાં લપેટી મૂક્યા છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં વૃક્ષો સુકાઈ રહ્યા છે. જો કે ગાંધીનગર મનપા દ્વારા દરરોજ ફૂલ-છોડ અને માર્ગોના સર્કલો પર પાણીનો છંટકાવ યથાવત છે. પરંતુ આ વર્ષો કાળઝાળ ગરમી પડવાથી ઘણા વૃક્ષો મુરઝાઈ રહ્યા છે.

ગાંધીનગરમાં લીલા હોટલ જે હાલમાં નવનિર્મિત અને શહેરમાં વીવીઆઈપી ગણાતી હોટલની પાસે આવેલા અંડરબ્રીજ વિસ્તારમાં સુંદર ફૂલો શોભાયમાન જોવા મળી રહ્યા છે. આ સાથે જ અન્ય શોભાયમાન વૃક્ષો આ વિસ્તારમાં ઉગાડવામાં આવ્યા છે જેની માવજત રોજબરોજ કરવામાં આવતા આ








કાળઝાળ ગરમીમાં ફૂલડાઓ સુકાતા નથી પરંતુ આ શોભાયમાન વૃક્ષો એક સાથે સૂકાઈ રહ્યા છે. આ વૃક્ષો ઘણા વિસ્તારોમાં માત્ર શોભામાં વધારો થાય તે માટે વાવવામાં આવતા હોય છે પરંતુ તેની આવી પરિસ્થિતિ જોતા વૃક્ષપ્રેમી જનતામાં વિવિધ પ્રશ્નો પણ ઉભા થઈ રહ્યા છે. અને આ વૃક્ષોને યોગ્ય માવજત મળે તેવી માંગ કરવામાં આવી રહી છે. બે થી ત્રણ વૃક્ષોની કટોતી થઈ ગઈ છે. જે માત્ર હવે શોભાના ગાંઠિયા બરાબર દશ્યમાન થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ બે દિવસથી પાણીનો છંટકાવ ન થવાથી અહીંયા વૃક્ષો વધારે મુરઝાઈ ગયા છે. ઉનાળાની આ ગરમીમાં માનવીને દિવસમાં કેટલું બધુ પાણી પીવા જોઈએ છે ત્યારે વૃક્ષોને પણ જીવ છે તેમને પણ ખોરાક-પાણીની અવશ્ય જરૂર પડે જ છે. જેમાં ગરમીમાં વધારે પાણીની જરૂરિયાત ઉભી થાય છે. તેની સામે યોગ્ય રીતે પાણીનો છંટકાવ ન થવાથી શહેરમાં વૃક્ષોની કફોડી હાલત થઈ જવા પામી છે. આ એક એવો વિસ્તાર છે જ્યાં મોટા મોટા અધિકારી વર્ગ, વીવીઆઈપી માણસોની અવરજવર રહેતી હોય છે. ત્યારે આવા મુરઝાયેલા વૃક્ષો ગાંધીનગરની આ હરિયાળીમાં પ્રશ્નો ઉભા કરે છે. ગાંધીનગરની લીલોતરી વખણાય છે તેવામાં આ મુરઝાઈ ગયેલા વૃક્ષો પ્રશ્નાર્થ બની ઉઠ્યા છે અને ત્યાંથી હજારો નાગરિકોની અવરજવર થતી રહે છે જેમાં આ વૃક્ષો હાઈલાઈટ થઈ રહ્યા છે. ગાંધીનગરની આ હરિયાળીને જાળવવા માટે તંત્રએ વૃક્ષોની યોગ્ય કાળજી લેવી અનિવાર્ય રહેશે. શહેરમાં ઉનાળાની આ ગરમીમાં તરસ્યા માટે પાણીની પરબો ગોઠવવામાં આવી છે ત્યારે આ કુદરતી વૃક્ષોને પણ પાણી મળી રહે તેવી યોગ્ય વ્યવસ્થાઓ કરવામાં આવે તેવી વૃક્ષપ્રેમી જનતા દ્વારા અપીલ કરવામાં આવી રહી છે.

# દાંડી કુટિર ખાતે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય સપ્તાહની ઉજવણીનું સમાપન



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના મહાત્મા મંદિર પાસે વિકસાવાયેલા સોલ્ટ માઉન્ટ ખાતેના 'દાંડી કુટિર' સંગ્રહાલયમાં સંગ્રહાલય સપ્તાહની ઉજવણીનું આજે સમાપન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વભરમાં દરવર્ષે ત?ા.૧૮મી મે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેને અનુલક્ષીને 'દાંડી કુટિર' ખાતે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ગત તા.૧૭મી મે થી તા.૨૨મી મે સુધી ઉજવણી કરવામાં આવી હતી.

મહાત્માં મંદિર ખાતે યોજાયેલ વડનગર આંતરરાષ્ટ્રીય સંમેલન "પ્રમોટીંગ આર્ક્યોલોજીકલ હેરીટેજ અને કલ્ચર" કાર્યક્રમોના ભાગરૂપે 'દાંડી કુટિર' ખાતે વિવિધ પ્રકારના વર્કશોપ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્યત્વે રંગોળી પ્રદર્શન, પાવર ઓફ ચરખા, અને પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યાં હતા. જુનાગઢના આર્ટીસ્ટ દિપેન જોષી દ્વારા રંગોળી પ્રદર્શનમાં ગાંધીજીના બાળપણના દેખાવ, યુવાવસ્થાના દેખાવ, બેઠક દંભ તેમજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલયની થીમની રંગોળી સંગ્રહાલય ખાતે પ્રદર્શિત કરવામાં આવી હતી. આ સાથે પાવર ઓફ ચરખા વર્કશોપમાં પેટી રેંટિયા અને બે ત્રાકના અંબર ચરખાના જીવંત પ્રદર્શનથી કાંતણનું મહત્વ, કાંતણ કરવાની પધ્ધતિ અને કાંતણ દ્વારા નીકળતા તારમાંથી આંટી બનાવી ખાદીના કાપડની બનાવટની સંપૂર્ણ વિગતથી મુલાકાતીઓ તેમજ મહાનુભાવોને ગુજરાત વિધાપીઠ સંકુલ સાદરા ખાતેથી સેવક ગોરધન રાવલ અને સ્મિતા ગામિતે માહિતગાર કર્યા હતા. 'દાંડી કુટિર'ના લાઈબ્રેરી એરીયામાં ગાંધીનગર ખાતેના ગુજરાત રાજય ગ્રંથાલયના સહયોગથી પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું જેમાં મુખ્યત્વે ગાંધીજી, સાંસ્કૃતિક વારસો, ભારતીનો ઈતિહાસ તેમજ અને બાળ સાહિત્ય જેવા અનેક રસપ્રદ પુસ્તકો પ્રદર્શીત કરવામાં આવ્યાં હતાં. વર્કશોપ અને કાર્યક્રમોમાં 'દાંડી કુટિર' ખાતે મહાત્મા મંદિરમાં યોજાયેલા વડનગર આંતરરાષ્ટ્રીય સંમેલન "પ્રમોટીંગ આર્ક્યોલોજીકલ હેરીટેજ અને કલ્ચર"માં આવેલા મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અને એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના પુરાતત્વ અને પ્રાચીન ઈતિહાસ વિભાગના અધ્યાપકો તેમજ વિધાર્થીઓએ સહિત જાહેર જનતાએ 'દાંડી કુટિર'ની મુલાકાત લીધી હતી.

# શહેરના ફૂટપાથ પર ધાર્મિક લાગણી દુભાવતા દશ્યો

## ભગવાન ગણેશ અને શિવજીના ફોટાને રઝળતી હાલતમાં મુકાયા

ગાંધીનગર, તા. ૨૨

હિન્દુ ધર્મમાં સૌથી પહેલા ગણેશજીની પૂજા કરવામાં આવે છે. બધાજ શુભકાર્યોમાં ગણેશજીને પહેલા યાદ કરાય છે ત્યારે શહેરમાં ધાર્મિક લાગણી દુભાય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે. ભગવાનના ફોટા ફૂટપાથની આસપાસ રઝળતા મુકેલા જોવા મળી રહ્યા છે. લોકો મંદિરોમાં દૂર દૂર સુધી ચાલતા ચાલતા પગપાળે ધાર્મિક લાગણીથી શ્રદ્ધાથી જાય છે. ભગવાનની સવાર-સાંજ પૂજા-અર્ચના કરે છે, ઉપાસના કરે છે, ભજનો કરે છે, ભગવાનને રીઝવવા માટે શુ નથી કરતા નાગરિકો... ત્યારે શહેરમાં ભગવાનને આ રીતે ફેંકી દેવાતા અવશ્ય ધાર્મિક લાગણીને ઠેસ પહોંચે છે. ગાંધીનગરમાં હિન્દુઓના મંદિરો ૫૦ થી પણ વારે છે, ભક્તિભાવપૂર્વક રહેતા શહેરીજનોને આ પ્રકારના દશ્યો જોતા ભગવાન પ્રત્યેની લાગણીમાં ઠેસ પહોંચે તેવા દશ્યો છે.

એક તરફ જ્ઞાનવ્યાપી મસ્જીદમાં શિવલીંગ મળ્યાના દાવા અંગેના મામલામાં ધાર્મિક લાગણી દુભાવા બદલ ટીપ્પણી કરનાર દાનિશ કુરેશીના વિરોધમાં હલ્લાબોલ કરવામાં આવ્યો હતો ત્યારે અહીંયા પણ ધાર્મિક લાગણી દુભાવા જેવી બાબત જોવા મળી રહી છે. કોઈ સોશિયલ મીડિયામાં ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ કરી શકતું નથી.

આ ઉપરાંત ઘણી બધી રીતે જો ધાર્મિક લાગણી દુભાય તો ગુનો નોંધાય છે, ત્યારે શહેરમાં ભગવાનના ફાટાઓ રઝળતા મુકેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. અભણ જનતાને ધાર્મિકતામાં કોઈ સમજ ન જણાતા આ પ્રકારના દશ્યો સામે આવી રહ્યા છે. ગણેશજી ઉપરાંત શિવજીનો ફોટો સાવ ખરાબ હાલતમાં નીચે ધૂળમાં ફેંકી દેવાયો છે. જે ખૂબ જ સરમજનક બાબત છે. હિંદુ સમાજમાં ભગવાનને મંદિરોમાં રાખવામાં આવે છે નહી કે આવી રીતે ફૂટપાથ પર રઝળતી હાલતમાં. ભગવાન ગણેશ અને શિવજીના ભક્તોમાં આવા દશ્યો જોઈને નિરાશા સહિત ક્રોધની લાગણી વ્યાપી ઉઠે છે.



# હાઈટેક હોસ્પિટલ ખાતે ૨૮ મે થી ૩ જૂન એલર્જી નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૩ માં હાઈટેક હોસ્પિટલ ખાતે ૨૮ મે થી ૩ જૂન દરમિયાન સવારે ૯ થી ૫ કલાકે એલર્જી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ડૉ. દેવી ગજ્જર (નાક, કાન, ગળાના નિષ્ણાંત) દ્વારા એલર્જીની સંપૂર્ણ સારવાર કરવામાં આવશે. આ નિદાન કેમ્પ માટે રજીસ્ટ્રેશન ફરજીયાત રહેશે જે ૯૪૦૯૫૮૩૫૩૦ મો. નંબર પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. એલર્જી ટેસ્ટીંગમાં ૩૦ થી ૪૦ ટકા ડિસ્કાઉન્ટ અને વેક્સીનના કોર્સ પર ૩૦ ટકા ડિસ્કાઉન્ટ રહેશે.

# સે. ૭-એ વસાહત મંડળ દ્વારા ૧૧ દિવસીય યોગ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા યોગ શિક્ષક ડૉ. પરાગીબેન ગાંધીના માર્ગદર્શન હેઠળ ૧૧ મી થી ૨૧મી સુધી ૧૧ દિવસની યોગ શિબિર યોજાઈ હતી. જે સેક્ટર-૭-એ ના બગીચામાં દરરોજ સવારે ૬ થી ૭ દરમિયાન યોજાતી હતી. આ યોગ શિબિરમાં ૫૧ ભાઈ-બહેનોએ ભાગ લઈને યોગાસન, પ્રાણાયમ, આસન અને સંતુલિત આહારની તાલીમ મેળવી હતી. આ શિબિરમાં યોગાભ્યાસ બાદ દરરોજ દાતાઓ તરફથી શિબિરાર્થીઓને પૌષ્ટિક સૂપ અને



જ્યુસ પીરસવામાં આવતો હતો.

આ શિબિરને સફળ બનાવવા હોદ્દેદારો જશવંત ગાંધી, ગણેશભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, પ્રો. અશોકભાઈ પટેલ, ભદ્રેશભાઈ શાહ, જયશ્રીબેન રાવલ, વિપુલભાઈ પટેલ અને પ્રોજેક્ટ ટીમના સભ્યો સુધાબેન પટેલ, ગીરાબેન અમીન, ચેતનાબેન થાનકી અને સીમાબેન પટેલે જહેમત ઉઠાવી હતી. આ શિબિરમાં ભાવનાબેન જોષી, નારાયણભાઈ મોદી, ભરતભાઈ પટેલ, રાજુભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહી શિબિરાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# કલોલ સઈજ જીઆઈડીસીમાં દવા બનાવતી કંપનીમાં ભીષણ આગ





ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે સઈજ જીઆઈડીસી વિસ્તારમાં દવા બનાવતી કંપનીમાં સવારના સમયે અચાનક ભીષણ આગ લાગી હતી. આગના વિકરાળ સ્વરુપને પગલે દુર દુર સુધી ધુમાડાના ગોટે ગોટા દેખાઈ રહ્યા હતા. જો કે આગ ભયાનક હોવાથી ગાંધીનગર ફાયર બ્રિગેડની ત્રણ ગાડી સહિત કલોલ, અમદાવાદ,કડી, ઓએનજીસી સહિતના ફાયર જવાનોએ સતત પાણીનો મારો ચલાવતા અંદાજીત આઠ કલાકે આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આગમાં દવા બનવાતી કંપનીને લાખો રૂપીયાનું નુકશાન થયું હોવાનો અંદાજ છે. પરંતુ આગ લાગવાનું ચોકકર કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ સઈજ જીઆઈડીસીમાં આવેલી બ્રિજકેમ સાયન્સ પ્રા.લિ. કંપનીમાં આજે સવારના સમયે અચાનક ભયાનક આગ ભભુકી ઉઠી હતી. સામાન્ય મિનિટોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. આ ભીષણ આગને પગલે ફાયર વિભાગ દ્વારા મેજર કોલ જાહેર કરાયો હતો. જેથી ગાંધીનગર ફાયર બિગ્રેડ સહિત કડી, કલોલ, અમદાવાદ અને વિજાપુરથી ફાયર બિગ્રેડની ગાડીઓ અને જવાનો તાત્કાલીક સઈજ પહોંચી ગયા હતા. ફાયર જવાનોએ સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવવા માટે પ્રયત્નો શરુ કરી દીધા હતા. આગના ધુમાડા દુર દુર કિલોમીટર સુધી દેખાતા હતા.જયારે આગનું સ્વરુપ જોતા આસપાસના ફેકટરી માલિકો પણ ચિંતિત નજરે પડ્યા હતા. જયારે આગ વધુ પ્રસરે નહી તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

**આગ કયાં કારણોસર લાગી તે પણ જાણી શકાયું નથી : આગના વિકરાળ સ્વરુપને પગલે દુર દુર સુધી ધુમાડાના ગોટે ગોટા દેખાઈ રહ્યા હતા : જો કે આગ ભયાનક હોવાથી ગાંધીનગર ફાયર બ્રિગેડની ત્રણ ગાડી સહિત કલોલ, અમદાવાદ, કડી, ઓએનજીસી સહિતના ફાયર જવાનોએ સતત પાણીનો મારો ચલાવતા અંદાજીત આઠ કલાકે આગ પર કાબુ મેળવ્યો હતો : આગનું સ્વરુપ જોતા આસપાસના ફેકટરી માલિકો પણ ચિંતિત નજરે પડ્યા હતા**

સઈજ જીઆઈડીસી ખાતે પોલીસ, એમ્બ્યુલન્સ, સહિત તંત્રના ઉચ્ચ અધિકારીઓ પણ દોડી ગયા હતા. જયારે ફાયર બિગ્રેડના જવાનોએ સતત પાણીનો મારો ચલાવી અંદાજે ૮ કલાક બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો હતો.જયારે આગમાં લાખો રૂપીયાનો સામાન બળીને સ્વાહા થઈ ગયો હતો.જો કે હાલ કેટલા રૂપીયાનું નુકશાન થયું છે તેનો અંદાજ પણ મેળવવો મુશ્કેલ છે. જયારે આગ કયાં કારણોસર લાગી તે પણ જાણી શકાયું નથી. પરંતુ જીઆઈડીસીમાં લાગેલી આગ કાબુમાં આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ફાયર બ્રિગેડની પણ ત્રણ ગાડી સહિત ફાયર જવાનોની ટીમ કોલ મળતા જ સવારે સઈજ દોડી ગઈ હતી.



ઝુંડાલ સર્કલ નજીક સમગ્ર અનુસૂચિત જાતિ સમાજના સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમુહ લગ્નોત્સવ કાર્યક્રમમાં કેબીનેટ મંત્રી પ્રદિપભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.